
# ૩ આટલાં બધાં રમકડાં !

A7Y7S5

## ચાલો, ગાઈએ ગીતડું :

ટરરર..... ટરરર..... ઢમઢમઢમ.....
કરો રમકડાં કૂચકદમ.....
હાથીભાઈ ચાલે આગળ,
પાછળ ઊંટસવારી,
ખડાક ખડબડ ઘોડો દોડે,
ને શી છટા અમારી !
ચલો સૈનિકો કદમકદમ.....
કરો રમકડાં કૂચકદમ.....
ટરરર..... ટરરર..... ઢમઢમઢમ.....
કરો રમકડાં કૂચકદમ.....

## તમે જે રમકડાંથી રમ્યાં હો તેમાં રંગ પૂરો :





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાતચીત :

| | |
|---|---|
| ૧. | તમને રમકડાં રમવાં ગમે છે ? |
| ૨. | તમે ક્યારે રમકડાંથી રમો છો ? |
| ૩. | કયું રમકડું તમે કોઈને ન આપો ? |
| ૪. | તમારે કયું રમકડું જોઈએ છે ? |
| ૫. | તમારા ભાઈ કે બહેનને કયું રમકડું ગમે છે ? |
| ૬. | કયા રમકડાની તમને બીક લાગે છે ? |

આ પ્રકારના પ્રશ્નોની બાળકો સાથે ચર્ચા કરો. બાળકો મુક્ત મને પોતાની વાત રજૂ કરે અને મિત્રોને પૂછે એ અપેક્ષિત છે.

## વાર્તા :

### રમકડાવાળા રૂપેશકાકા

એક હતા રૂપેશકાકા. એમને બાળકો ખૂબ ગમે. રૂપેશકાકાનાં સંતાનો અમેરિકા રહેવા ગયાં પછી તેમને ક્યાંય ગમતું નહોતું. રૂપેશકાકાના ઘરે ઘણાં બધાં રમકડાં હતાં. રૂપેશકાકાએ આસપાસનાં બાળકોને પોતાના ઘરે બોલાવવા એક રૂમમાં રમકડાં ગોઠવ્યાં અને પોતાના ઘરને 'ટૉયહાઉસ' નામ આપ્યું.

'ટૉયહાઉસ'માં બાળકોને ખૂબ જ મજા પડતી. આ રમકડાં બાળકોને ઘરે લઈ જવા માટે રૂપેશકાકાએ એક પાટિયા પર લખ્યું. "એક રમકડું આપી જાઓ અને બે લઈ જાઓ."

અક્ષય અને શ્રીકાંત બેય પાક્કા ભાઈબંધ. અક્ષયને રૂપેશકાકાનું ટૉયહાઉસ ખૂબ ગમી ગયું. તે ત્યાં ઘણીવાર રમવા જાય. પણ શ્રીકાંત તેની સાથે ન આવે. એ તો આખો દિવસ મોબાઈલથી જ રમ્યા કરે. અક્ષય પોતાની પાસે રહેલું વિમાન રૂપેશકાકાને આપી આવ્યો અને તેના બદલામાં બીજાં બે રમકડાં લઈ આવ્યો : એક જેસીબી અને બીજું બોલતું વાંદરું.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

અક્ષયે ઘરે આવી બોલતું વાંદરું શ્રીકાંતને રમવા માટે આપ્યું. શ્રીકાંતે પહેલાં તો ના પાડી. પણ જેવું જોયું કે, આ વાંદરું તો આપણે જેવું બોલીએ એવું બોલે છે એટલે એણે તુરંત મોબાઇલ મૂકીને વાંદરા સાથે વાતચીત ચાલુ કરી. શ્રીકાંત જેવું બોલે એવું વાંદરું પણ બોલે. શ્રીકાંત ગુસ્સે થાય તો વાંદરું પણ ગુસ્સે ભરાય. દાંત કાઢે તો એ પણ દાંત કાઢે. અક્ષયને પણ આ જોઈ ખૂબ મજા આવી. તેણે શ્રીકાંતને કહ્યું, ''તું એકવાર મારી સાથે ચાલ, રૂપેશકાકાના ઘરે આવાં તો અનેક રમકડાં છે.'' શ્રીકાંતને ટૉયહાઉસ જવાનું બહુ મન થયું. એક દિવસ તે અક્ષય સાથે ત્યાં ગયો. ને પોતાનો મોબાઈલ ત્યાં આપીને તે ગડથોલિયાં મારતું ગલૂડિયું અને વાતો કરતો પોપટ લાવ્યો.

એક રવિવારે શ્રીકાંત, અક્ષય અને અક્ષયની બહેન ઋચા ત્રણેય પહોંચ્યાં રૂપેશકાકાના ઘરે. ટૉયહાઉસમાં જ્યાં જુઓ ત્યાં રમકડાં જ રમકડાં. ચાવીવાળાં, રિમોટવાળાં, તાલી પાડતાં, કૂદકા મારતાં, દીવાલ પર ચડતાં, હવામાં ઊડતાં, માથું હલાવતાં, આંખો પટપટાવતાં અનેક રમકડાં જોઈને ત્રણેય બાળકો હરખાઈ ગયાં. ટ્રેનથી રમે, ઢીંગલીને રમાડે, રિમોટથી ગાડી ચલાવે, રીંછને નવડાવે, ગલૂડિયાંને દોડાવે, રસોડામાં રસોઈ બનાવે. આમ અનેક રીતે બાળકો આનંદ આનંદ કરવા લાગ્યાં.

ઋચાએ તો શિક્ષક બનીને બધાંય રમકડાંને ભણવા બેસાડી દીધાં. બોલતું વાંદરું પણ ભણવા બેઠું હતું. ઋચાબેન જેવું બોલે, એવું એ બોલે. પોતાના ચાળા પાડ્યા એટલે બેને એને ક્લાસની બહાર ઊભું રાખી દીધું, બોલો ! અક્ષયે સાપસીડીની રમત શ્રીકાંત સાથે રમવાની ચાલુ કરી. બારી પાસે એક કબૂતર ઋચાએ જોયું, એ તો એને લેવા દોડી. ત્યાં એ કબૂતર તો ઊડી ગયું. એને એમ કે રમકડાનું હશે. બધાં હસી પડ્યાં, ઋચા પણ ખૂબ હસી.

## જવાબ લખો :

૧. ટૉયહાઉસમાં કયાં કયાં રમકડાં હતાં ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૨. શ્રીકાંત શું રમતો હતો ?

૩. બોલતું વાંદરું જોઈને કોણે મોબાઇલ મૂકી દીધો ?

૪. અક્ષયે કયું રમકડું ટૉયહાઉસમાં મૂક્યું ?

૫. ટૉયહાઉસમાં તમે કયું રમકડું મૂકવા આપશો ?

૬. તમે કોને કોને રમકડાં રમવા આપો છો ?

૭. તમને રૂપેશકાકાના ટૉયહાઉસમાંથી કયું રમકડું લેવું ગમશે ?


## વાતચીત :

- ચાલો, આપણે સૌ હસીએ. (બાળકોને મોટે મોટેથી જુદી જુદી રીતે હસવાનું કહો)
- તમારે ટૉયહાઉસમાં જવું છે ? ત્યાં જઈને શું કરશો ?
- આ પાઠમાં છોકરા-છોકરીનાં કયાં કયાં નામ આવે છે ? તેમાંથી તમને કયું નામ ગમે છે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાંદરું કરે તેવો અભિનય કરો :



- **ચાલો, ગાઈએ ગીતડું :** ટરરર..... ટરરર..... ઢમઢમઢમ.....

## વાંચો, સાચું કે ખોટું લખો.

૧. રૂપેશકાકાને બાળકો ગમતાં ન હતાં.

૨. ઋચાને શિક્ષક-શિક્ષક રમવું ગમતું હતું.

૩. અક્ષય આખો દિવસ મોબાઈલથી જ રમતો હતો.

૪. શ્રીકાંત ગાતું ગલૂડિયું લાવ્યો.

૫. કબૂતર રમકડાનું હતું.

## ચાલો, રમકડાંથી રમીએ :

બાળકોને ઘરેથી તેમને ગમતું એક રમકડું લાવવાનું કહો. એનું પ્રદર્શન વર્ગમાં ગોઠવો.

બાળકોને આ પ્રદર્શનમાં ગોઠવેલાં તમામ રમકડાંનો પરિચય કરાવો. જેનું રમકડું છે, એ જ બાળક તે રમકડા વિશે બોલે. રમકડાંનો પરિચય થઈ ગયા પછી કયું રમકડું કોનું છે ? એ રમત રમાડો. વારાફરતી એક-એક રમકડું શિક્ષક બતાવશે અને વિદ્યાર્થી એ રમકડું જેનું હશે એ બાળકનું નામ બોલશે. બાળકોને જૂથમાં બેસાડી આ રમકડાં રમવા આપો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## હવે, આપણે રમકડું બનાવીએ :

બાળકો પોતાના હાથનો ઉપયોગ કરી સર્જનનો આનંદ મેળવે એ માટે તેમને આ પ્રવૃત્તિ કરાવવી. માટીકામ માટે ભીની લાલ માટી કે ક્લે પણ વાપરી શકાય. શાળામાં માટી ઉપલબ્ધ ન હોય તો બાળકોને થોડીથોડી માટી લાવવા કહી શકાય. આ પ્રવૃત્તિ પછી બાળકોને પોતાનો અનુભવ બધા વચ્ચે કહેવા પ્રોત્સાહન આપો. સૌ પ્રથમ ફોટામાં દેખાતાં માટીનાં રમકડાં વિશે પ્રશ્નો પૂછો.



**માટી વડે તમને ગમતું કોઈ એક રમકડું બનાવો. આ માટે તમારા શિક્ષકની મદદ લો.**

## ગીત ગાઓ :

શિક્ષકે આ ગીત અભિનય સાથે ગવડાવવું.

### રંગબેરંગી રમકડાં

રંગબેરંગી રમકડાંની ગાડી આવી રે
નાનાં-મોટાં જોવા ચાલો શું શું લાવી રે...
હાથી, ઘોડા, ઊંટ લાવી,
ચકલી, પોપટ, મેના લાવી



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

દડા સાથે બૅટ લાવી
રીંછ લાવી, વાઘ લાવી, વાંદરા લાવી રે..... નાનાં-મોટાં.....
છુકછુક એન્જિન ગાડી લાવી
પમપમ કરતી મોટર લાવી
ઊડતું વિમાન લાવી
નાની-મોટી સાઈકલ લાવી
ફુગ્ગા ને ફરફરિયાં સાથે મોર લાવી રે..... નાનાં-મોટાં.....
પિપૂડાં-પિસ્તોલ લાવી
નાનો એવો ઢોલ લાવી
ફરતું ચકડોળ લાવી
બહેન માટે ડોલ લાવી
નાની-મોટી ઢીંગલીઓ ને વ્હિસલ લાવી રે..... નાનાં-મોટાં.....

## વાતચીત :

બાળકોને નીચેના પ્રશ્નો પૂછી માહિતી લાવવા કહો. પછીના દિવસે બાળકોને મળેલા જવાબોની વર્ગમાં ચર્ચા કરાવો.

- તમારાં દાદા-દાદીને પૂછો તેઓ કયાં કયાં રમકડાંથી રમતાં હતાં ?
- તમારાં મમ્મી-પપ્પાને પૂછો તેઓ કયાં કયાં રમકડાંથી રમતાં હતાં ?
- તમે કોઈ રમકડું જાતે બનાવ્યું છે ? શું બનાવ્યું ? કેવી રીતે ? તેના વિશે કહો.

## ગીતમાંથી લખો :

૧. જેમાં 'ટ' આવતો હોય તેવા શબ્દો : મોટી



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૨. જેમાં 'ડ' આવતો હોય તેવા શબ્દો : રમકડાં

૩. જેમાં 'વ' આવતો હોય તેવા શબ્દો : આવી

## નીચેના શબ્દોમાં 'ક્ષ' પર ગોળ કરો :

| | | | | |
|---|---|---|---|---|
| અ ક્ષ ર | ક્ષ ત્રિ ય | ક્ષિ તિ | ભ ક્ષ ક | ક્ષા ત્ર ધ ર્મ |
| દ ક્ષા | ન ક્ષ ત્ર | ર ક્ષા | ર ક્ષ ક | રા ક્ષ સ |
| ક્ષા ર | અ ક્ષ ય | મૂ ળા ક્ષ ર | અ ક્ષ ર ધા મ | ર ક્ષ ણ |

## નીચેના શબ્દોમાં 'શ્ર'ની નીચે લીટી દોરો :

| | | | | |
|---|---|---|---|---|
| શ્રુતિ | શ્રીનાથજી | જયશ્રી | મિશ્રિત | શ્રેણિક |
| સર્વશ્રેષ્ઠ | શ્રીમાન | આશ્રિત | બહુશ્રુત | શ્રેણી |
| શ્રેષ્ઠ | શ્રેય | સુશ્રી | સુશ્રુત | અશ્રુ |

## ગમતું નામ પસંદ કરો અને રમો :

રૂપેશ, શ્રવણ, શ્રુતિ, રૂપા, ઋતુ, ઋચા, જયશ્રી, શ્રીદેવી, ક્ષિતિ, અક્ષય, શ્રીરામ, ઋષિ, અક્ષર

કોઈ એક નામ પસંદ કરો.

હવે, તમારા શિક્ષક રમત રમાડશે એ રમત રમો.

બાળકની કુલ સંખ્યા મુજબ કાર્ડ બનાવો. અલગ અલગ કાર્ડમાં ઉપર લખેલાં નામ લખવાં. દરેક બાળકને તેમની પસંદગીનું નામ પૂછો અને તેનું કાર્ડ આપો.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

રમત - ૧ : ‘અમે એક અક્ષરવાળાં’ રમત રમાડો. એક બાળક ખંજરી વગાડશે. બધાં બાળકો વર્તુળમાં દોડશે. ખંજરી વાગતી બંધ થાય એટલે એકસરખા અક્ષરવાળાં બાળકો જૂથ બનાવશે. ચાર ટુકડી **ક્ષ, શ્ર, ઋ** અને **રૂ**માં વહેંચવા કહો.

રમત - ૨ : “નવું નામ નવું કામ” બાળકને જે નામ પહેરાવ્યું છે, તમે એ નામથી બોલાવે તો જ તમે કહો તેમ કરવાનું. બાળકનું મૂળ નામ બોલો તો કરવાનું નહિ. જેમ કે, રાહુલને **ઋષિ** નામ પહેરાવ્યું છે અને તમે ‘ઋષિ ઊભો થા’ કહો તો ઊભું થવાનું, પરંતુ, રાહુલ ‘બેસી જા’ એમ કહો તો બેસવાનું નહિ.

## આ રીતે લખો :






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ઋ

ૃ

- **ચાલો, ગાઈએ ગીતડું :** ટરરર..... ટરરર..... ઢમઢમઢમ

## વાંચો અને લખો :

૧. ઋષભ વાંચે છે.

૨. આ ઋગ્વેદ છે.

૩. ઋષિ યજ્ઞ કરે છે.

૪. શ્રવણ કાવડ લઈને ગયો.

૫. મારા અક્ષર સારા છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૬. આ રૂમ સારી છે.

૭. ખાંસી આવે તો રૂમાલ વાપરો.


૮. રોજરોજ શ્રમ કરવો.

૯. દર ચાર મહિને ઋતુ બદલાય છે.

૧૦. હંમેશાં ક્ષમા આપો.

## રંગ પૂરો :

ચિત્રમાં રંગબેરંગી ક્ષ, જ્ઞ, ઋ, રૂ વાળા ભાગમાં મનગમતાં રંગ પુરાવો :






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## જરા વાંચો તો...

રૂપાલી અને ઋત્વિક બંને ગયાં બગીચામાં. બંને બાંકડે બેઠાં. બંને પાક્કાં મિત્ર. બગીચામાં લીલાંછમ વૃક્ષો. વૃક્ષો પર રૂપાળાં પક્ષીઓ. રૂપાલીના માથા પર અચાનક ટપ દઈને કંઈક પડ્યું. ઋત્વિકે ઉપર જોયું અને હસ્યો. ત્યાં તેમના શિક્ષક આવ્યા. રૂપાલીને રૂમાલ આપીને ખડખડાટ હસ્યા. શિક્ષક સામે જોઈને રૂપાલી અને ઋત્વિક પણ ખૂબ હસ્યાં.

## સુધારીને લખો :

૧. રૂપાલી અને શિક્ષક બાંકડા પર બેઠાં.

૨. ઋત્વિકના માથા પર ટપ દઈને કંઈક પડ્યું.

૩. રૂમાલ ખડખડાટ હસ્યો.


૪. પક્ષી સામે જોઈને બંને મિત્રો હસ્યા.


૫. રૂપાળાં વૃક્ષો પર લીલાંછમ પક્ષીઓ હતાં.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## કોને શું મળશે ? ભુલભુલામણીમાં લીટી દોરી વાહન સુધી પહોંચાડો.



## ખાલી જગ્યા પૂરો :

૧. ચશ્માંવાળા ______ ને ______ મળી.

૨. બે ચોટલાવાળી ______ ને ______ મળી.

૩. ______ છોકરીને ______ મળી.

૪. ______ છોકરાને ______ મળી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in